જન્મભૂમિ પ્રવાસી
મુંબઈ, રવિવાર, તા. ૩-૧-૨૦૧૦

# રાજ્યોના વિકાસ માટે યોગ્ય રાજ્ય વહીવટની તાતી જરૂરિયાત

જસવંત બી. મહેતા

**તા.** ૨૦-૧૨-૨૦૦૯ના 'રાજકીય પ્રવાહો'માં કુંદનભાઈએ દેશના ઝડપી વિકાસ માટે નાનાં રાજ્યોના વિષય પર ચર્ચા-વિચારણા કરી છે. રાજ્ય નાનું હોય કે મોટું, આપણને ખરી જરૂર તો યોગ્ય રાજ્ય વહીવટની છે જે આપણી અપનાવેલ હાલની સંસદીય પદ્ધતિમાં દિન-પ્રતિદિન કથળતું રહ્યું છે. આપણા રાજકારણીઓનું મુખ્ય લક્ષ યેનકેન પ્રકારે ચૂંટાઈ આવીને રાજ્યસત્તા હાંસલ કરવામાં રહ્યું છે અને ચૂંટાયા પછી પોતાની સંપત્તિ અને સત્તા કેમ ટકી રહે તેમાં રચ્યાપચ્યા રહેવું.




સૌજન્ય : સુધીર તૈલંગ

અમેરિકામાં (યુએસએ) ૫૦ રાજ્યો છે અને તેની સરખામણીમાં વસતિના ધોરણે આપણે ત્યાં ૨૯ નહીં બલકે ૫૦ અથવા તેથી પણ વધારે રાજ્યો હોવાં જોઈએ એવી દલીલો થઈ રહી છે અને મોટાં રાજ્યોમાં સમતુલિત વિકાસ થાય નહીં ત્યારે પણ અલગ રાજ્યની માગણી ઊઠે છે, પણ હકીકતમાં આ રાજ્યોમાં (જેમાં યુપી અને બિહારનો ખાસ ઉલ્લેખ થઈ શકે) ગેરવહીવટ અને ભ્રષ્ટાચારને અંગે વિકાસ ઘણો મર્યાદિત રહ્યો છે.

અમેરિકામાં ૫૦ રાજ્યો છે જેમાં ડેલાવારે અને રોડ આઈલેન્ડ જેવાં નાનાં રાજ્યો પણ છે જેની વસતિ ૧૦ લાખથી પણ ઓછી છે, જ્યારે કેલિફોર્નિયા, ટેક્સાસ અને ન્યૂ યોર્ક રાજ્યોની વસતિ અનુક્રમે ૩ કરોડ ૬૮ લાખ, ૨ કરોડ ૪૫ લાખ અને ૨ કરોડ જેટલી છે. વિસ્તારની દૃષ્ટિએ પણ ટેક્સાસ જે સૌથી મોટું છે તેનું કદ ૨,૬૭,૩૩૭ ચો.માઈલ છે. કેલિફોર્નિયાનું કદ ૧૫૮૬૦૦ ચો.માઈલ છે તેની સરખામણીમાં રોડ આઈલેન્ડનું કદ ફક્ત ૭૨૧૪ ચો.માઈલ છે, પણ આપણાં રાજ્યોની સરખામણીમાં દરેક રાજ્યોના વહીવટી વડા (ગર્વનર)ની સીધી ચૂંટણી થાય છે અને ચૂંટાયા પછી પ્રધાનમંડળમાં નિષ્ણાત, બાહોશ વ્યક્તિઓની પણ ગવર્નર દ્વારા સીધી જ નિમણૂક થતી હોવાથી રાજ્યોનો વહીવટ (પછી તે નાનું હોય કે મોટું) આપણી સરખામણીએ પ્રમાણમાં ઘણો સ્વચ્છ અને કુશળતાથી થતો હોવાથી સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ૨૩૫ વર્ષોના સમયગાળા દરમિયાન મોટાં રાજ્યોના વિભાજનની હજુ સુધી માગણી કે આંદોલનો થયાં નથી અને દરેક રાજ્યો અકબંધ રીતે જળવાઈ રહ્યાં છે. રાજ્યોના વડાની ચૂંટણી અને નિમણૂક આખા રાજ્યના પ્રજાજનો સીધી ચૂંટણીથી થતી હોવાથી આ વડાનું ધ્યાન આખા રાજ્ય પર સ્વાભાવિક રીતે કેન્દ્રિત રહેતું હોય છે. આપણે ત્યાં પણ હાલ ગુજરાતમાં નરેન્દ્ર મોદીનો વહીવટ અન્ય રાજ્યોની સરખામણીમાં વધારે સ્વચ્છ અને કુશળ હોવાથી આખા રાજ્યનો વિકાસ દર દેશની સરેરાશ કરતાં ઊંચો રહ્યો છે. (દેશની સરેરાશ વાર્ષિક ૮થી ૯ ટકા જીડીપીના વધારા સામે ગુજરાતનો વિકાસ દર ૧૦થી ૧૨ ટકા જેટલો રહ્યો) અને કચ્છ કે સૌરાષ્ટ્રનાં જુદાં રાજ્યોની માગણી ઊભી નથી થઈ. વસતિની દૃષ્ટિએ અમેરિકાનાં રાજ્યો કરતાં આપણાં ઘણાં રાજ્યો મોટાં છે, પણ વિસ્તારની દૃષ્ટિએ અમેરિકાનાં મોટા ભાગનાં રાજ્યો આપણાં રાજ્યો કરતાં ઘણાં વિશાળ છે. હકીકતમાં ટેક્સાસ રાજ્યનો વિસ્તાર આપણા સૌથી મોટાં રાજ્યો મધ્યપ્રદેશ કે મહારાષ્ટ્ર કરતાં લગભગ ત્રણ ગણો છે.

આપણો ખરો સળગતો પ્રશ્ન દરેક સ્તરે દિન-પ્રતિદિન કૂદકે ને ભૂસકે વધતો જતો ભ્રષ્ટાચાર અને ગેરવહીવટનો છે. રાજ્યોના વિભાજનની માગણીમાં બૃહદ અંશે રાજકારણીઓનો પોતાનો સ્વાર્થ છુપાયેલો હોય છે અને પ્રજાને ગેરમાર્ગે દોરી ઉશ્કેરવામાં તેઓ ખાસ ભાગ ભજવે છે. આમ કરવામાં તેઓ પોતાની મતબેન્ક પણ મજબૂત કરવા માગતા હોય છે.

હકીકતમાં આપણાં નાનાં રાજ્યોમાં વિધાનસભ્યોની સંખ્યા મર્યાદિત હોવાથી પક્ષપલટો ખૂબ જ આસાનીથી થતો રહ્યો છે. પક્ષના એક તૃતીયાંશ વિધાનસભ્યોની મર્યાદા પક્ષપલટા માટે નક્કી કરી છે જેનું ઉલ્લંઘન કરવું મોટાં રાજ્યોની સરખામણીમાં નાનાં રાજ્યોમાં વધારે આસાન છે. આના સંખ્યાબંધ ઉદાહરણો મોજૂદ છે. દા. ત. મેઘાલયમાં ૧૫ વર્ષના ગાળામાં (૧૯૯૨-૨૦૦૭) ૧૨ સરકારો બદલાઈ હતી અને ગોવામાં ૧૯૯૦થી ૨૦૦૦ના સમયગાળામાં ૧૪ સરકારો બદલાઈ હતી. (મુખ્ય પ્રધાનનો હોદ્દો મ્યુઝિકલ ખુરશીની રમત રમતા હોય તેવી રીતે પ્રતાપસિંઘ રાણે, વિલ્ફ્રેડ ડિસોઝા અને રવિ નાયક વચ્ચે ૭ વખત ફરતો રહ્યો હતો.)

અમેરિકામાં વસતિની દૃષ્ટિએ સૌથી મોટા રાજ્યોમાં જેવા કે કેલિફોર્નિયા અને ટેક્સાસમાં મેક્સિકન પ્રજાની વસતિ ઘણી છે (હકીકતમાં એક સમયે આ બન્ને રાજ્યો મેક્સિકોના જ ભાગ હતાં), પણ કેલિફોર્નિયા અને ટેક્સાસનો વિકાસ દર સતત ઊંચો રહ્યો હોવાથી રાજ્યના વિભાજનની માગ હજુ સુધી થઈ નથી. આ ઉપરાંત દક્ષિણ અમેરિકાનાં અમુક રાજ્યો જેમા આલાબામા, ટેનેસી વગેરેનો સમાવેશ થઈ શકે. ત્યાં નિગ્રો પ્રજાની પણ ઘણી વસતિ છે છતાં ત્યાં પણ રાજ્યના વિભાજનની માગણી થઈ નથી.

આપણે આશા રાખીએ કે પ્રજા સત્તાલોલુપ રાજકારણીઓના પ્રચારથી ભોળવાયા વગર સ્વચ્છ, ભ્રષ્ટાચારરહિત રાજ્ય વહીવટ પર ધ્યાન કેન્દ્રિત કરે. ભૂતકાળમાં ભાષાના ધોરણે રાજ્યના વહીવટના વિભાજનની માગણીમાં પ્રજાની સગવડતાની દૃષ્ટિએ અમુક તથ્ય જરૂરી હતું. પણ નાનાં રાજ્યો વહીવટની દૃષ્ટિએ ઉત્તમ નીવડે તે ધારી જ લેવું અને તેના આધારે રાજ્યોનું વિભાજન કરતાં રહેવું તેમાં તર્કનો અભાવ છે. (Logically unsound)